# કમ્યૂનિટિ
# કેર સર્વિસીસ

**(સમાજમાં પૂરી પાડવામાં આવતી સંભાળની સેવાઓ)**

Royal Kingston



# અમે મદદ કરી શકીએ?

જો તમને આ પત્રિકા ઓડિયો ટેપ, કમ્પ્યુટર ડિસ્ક ઉપર, મોટા અક્ષરોમાં છાપેલી કે બ્રેઈલમાં જોઈતી હોય, તો કૃપા કરીને અમને કહો.

## અમે કોણ છીએ

કમ્યૂનિટિ કેર સર્વિસીસ, રોયલ બરો ઓફ કિંગસ્ટન, જેને ક્યારેક કિંગસ્ટન કાઉન્સિલ તરીકે ઓળખવામાં આવે છે, તેનો એક ભાગ છે. રોયલ બરો ઓફ કિંગસ્ટનમાં કિંગસ્ટન, સર્બિટન, ટોલવર્થ, હૂક, ચેઝિંગ્ટન, ન્યૂ મોલ્ડન અને વોરેસ્ટર પાર્કના અમુક ભાગોનો સમાવેશ થાય છે.

## અમે કોને મદદ કરી શકીએ છીએ

જો તમે 18 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો, રોયલ બરો ઓફ કિંગસ્ટનમાં રહેતાં હો અને તમને બીમારી, અસમર્થતા કે નબળાઈને કારણે મદદની જરૂર પડતી હોય, તો અમે કદાચ મદદ કરી શકીએ.

બાળકો અને યુવાન લોકોને મળી શકતી સેવાઓ વિશે જો તમને માહિતી જોઈતી હોય, તો કોણ મદદ કરી શકશે તે અમે તમને કહીશું. જો કોઈ કારણસર અમે તમારી મદદ નહિ કરી શકીએ, તો તમને મદદ કરી શકે તેવાં બીજાં લોકોને સંપર્ક કરાવી આપવાનો અમે પ્રયત્ન કરીશું.

## અમે શું કરીએ છીએ

નીચે જણાવ્યા સહિત, જુદા જુદા પ્રકારની મદદની અમે ગોઠવણ કરી શકીએ છીએ:

- તમારા ઘરમાં અંગત અને વ્યવહારિક મદદ
- અસમર્થ લોકો માટે મુસાફરીમાં મદદ
- તમારું જીવન વધારે સરળ બનાવવા માટે ખાસ સાધનો અને તમારા ઘરમાં ફેરફારો
- કોઈ સગાં કે મિત્રનું ધ્યાન રાખવામાં તમને ટેકો
- હોસ્પિટલમાંથી ઘરે પાછા ફરવામાં મદદ

દિવસના સમયે પ્રવૃત્તિઓ

તમારા ઘરે ભોજન આપી જવાં

રેસિડેન્શિયલ અને નર્સિંગ સંભાળ

અસમર્થ માતાપિતાઓને સહાયતા

કાઉન્સેલિંગ અને સહાયની સેવાઓ

તમારી પોતાની રીતે મદદની ગોઠવણ કરવા માટે પૈસા

કેરલાઈન ટેલિફોન અલાર્મ પદ્ધતિ

અને બીજું ઘણું, એટલે કૃપા કરીને અમને પૂછો!

## અમારી સેવાનો ઉપયોગ કરવામાં શું ખર્ચ થાય છે

અમારી ઘણી સેવાઓ માટે કોઈ જ ખર્ચ થતો નથી. જ્યાં અમે અમારી સેવા માટેની કિંમત લઈએ છીએ, ત્યાં અમે તમને જે કોઈ ખર્ચ હશે તે જણાવીશું. જો તમને કોઈ નાણાકીય હાડમારી હશે, તો તમને મદદ કરવા માટે અમે બનતા પ્રયત્ન કરીશું.

## અમારો સંપર્ક કેવી રીતે કરવો

અમે પૂરી પાડીએ છીએ તે સેવાઓ વિશે વધારે જાણવા માટે, અથવા મદદ મેળવવા માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો. તમે અમને પત્ર લખી શકો, ફોન કે ઈમેઈલ કરી શકો છો. અમારો સંપર્ક કરવાની વિગતો પાછળના પાને છે.

જો તમે અંગ્રેજી બોલી કે વાંચી ન શકતાં હો, અથવા તમારી તબિયત બહુ સારી ન હોય, તો તમને દુભાષિયાની સગવડ આપવાના બનતા પ્રયત્ન કરીશું. જો તમને અમારી મદદની જરૂર હશે, અથવા અમારી પાસેથી સેવાઓ પહેલેથી જ મળી રહી હશે, તો આ સેવાના પૈસા તમારે નહિ ચૂકવવા પડે. જો તમને દુભાષિયાની જરૂર હોય, તો કાઉન્સિલના કોઈ કર્મચારી સભ્યને કહો અથવા અંગ્રેજી બોલતી બીજી કોઈ વ્યક્તિને તમારા વતી અમારો સંપર્ક કરવા માટે કહો.

# કમ્યૂનિટિ કેર સર્વિસીસ

ટેલિફોન: 020 8547 6008

ઈમેઈલ: cust.serv@rbk.kingston.gov.uk

વેબસાઈટ: www.kingston.gov.uk/communitycareservices

Community Care Services - Gujarati

કિંગસ્ટન કમ્યૂનિટિ કેર સર્વિસીસ દ્વારા પ્રકાશિત
ઓગસ્ટ 2004